## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૨૩/૦૪/૨૦૨૩ થી તા. ૨૯/૦૪/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

### (૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૪/૨૦૨૩ તા.૨૧/૦૪/૨૦૨૩ :-

તા. ૨૧/૦૪/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ નીતીનભાઇ ગુણંતવતભાઇ નાઓએ જણાવેલ કે, ઉધના રેલ્વે સ્ટેશન થી એક છોકરી મળી આવેલ હોય યોગ્ય કાર્યવાહી કરશો જેથી સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સોનાલી ડૉ/ઓ રવિંદ્ર જાતે લોનારે ઉ. વ. ૧૭ ધંધો અભ્યાસ રહે પોપટખેડા તા આકોટ જી અકોલા વાળી હોવાનુ અને તેઓ પહેલા સુરત રહેતા હોય તેના પિતા મરણ જતા તે વતન માં રહેવા જતા રહેલ પરંતુ તેને વતનમાં ગમતુ ન હોવાથી પાચેક મહીના પહેલા ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવી તેની બહેન પણી સાથે રહેતી હોય અને હાલ વેકેશન શરૂ થતા તેની બહેનપણી વતન યુ.પી જવાની હોવાથી તેને વતન જવા સારૂ કહેતા તે ઉધના રેલ્વે સ્ટેશન આવીને બેસેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેની માતા નામે દિપાલીનો સંપર્ક નંબર મેળવી મો નં ૭૫૦૭૯૦૪૨૧૨ ઉપર સંપર્ક કરી જાણ કરતા તેની મતાએ જણાવેલ કે તેને હુ સુરત જવા માટે ના પાડતા તે ગુસ્સે થઇને મને જાણ કર્યા વગર નીકળી ગયેલ છે અને તે લેવા આવનાર હોય જેથી છોકરીના વાલીવારસોન ન આવે ત્યા સુધી તેઓને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર સુરત મુકવામાં આવેલ

બાદ તા ૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સદર છોકરીની માતા સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નીવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છોકરીનો કબ્જો તેની માતાને રૂબરૂમાં સોપવામાં આવેલ છે

### (૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૮/૨૦૨૩ તા.૨૨/૦૪/૨૦૨૩ :-

તા-૨૨/૦૪/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ શીટીમ સાથે સુરત રેલવે સ્ટેશન ઉપર પેટ્રોલીંગમા હતા તે વખતે પ્લે નં ૦૪ ઉપર એક બાળક એકલો બેસેલ જોવામા આવતા તેના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તે આઠેક મહીના પહેલા વતનથી મજુરી કામ કરવા આવેલ હોવાનુ જણાવતા તેના માતાપિતા વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તેને કોઇના નંબર યાદ ન હોય જેથી તેના પહેરેલ કપડા ચેક કરતા તેના પહેરેલ પેંટના ખીસ્સામાંથી તેના મિત્રનો મો.નંબર ૯૦૫૪૯૩૦૪૩૧ મળી આવતા તેને પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના પિતા જોલવા ગામમા રહેતા હોય તેઓનો નંબર આપતા મો.નં. ૭૬૦૭૪૨૧૬૧૫ ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે તે સવાર ના ઘરે થી નીકળી ગયેલ છે તેમ જણાવેલ છે જેથી સદર બાળક્નુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ લાખાંસીગ સ/ઓ રાજેંદ્રસીગ જાતે ઠાકુર ઉ. વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ઘર નં ૨૦૫ સોનીપાર્ક સોસાયટી કડોદરા સુરત મુળ રહે મુઝહરા જી મિરઝાપુર થાન ચીલ રાજ્ય ઉત્તરપ્રદેશ વાળો હોવાનુ જણાવતા સદર બાળકના પિતા તેને લેવા આવવાનુ ના પાડતા હોય જેથી તેને અસ્થાઇ આશ્રય શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ.

બાદ તા ૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સદર બાળકના માતાપિતા તેને લેવા માટે સુરત રે.પો.સ્ટે. આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેના માતાપિતાનુ રૂબરૂમા સોપવામાં આવેલ છે

### (૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૫/૨૦૨૩ તા.૨૬/૦૪/૨૦૨૩ :-

તા-૨૬/૦૪/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રે.પો.સ્ટે.મા મીસીંગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે પી.એસ.ઓ બળવંતભાઇ ઇશ્વરભાઇ નાઓએ જણાવેલ કે રાત્રીના સુરત રેલ્વે સ્ટેશન પ્લે નં ૦૪ ઉપરથી એક છોકરો તથા એક છોકરી મળી આવેલ હોય જે બાબતે યોગ્ય કાર્યવાહી કરશો તેમ જણાવતા સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રાચી ડો/ઓ પુરનસીગ જાતે કશ્યપ ઉ. વ. ૧૬ ધંધો અભ્યાસ, રહે ઇંદ્રાનગર નઇ આપાદી ફીરોઝાબાદ ઉત્તરપ્રદેશ વાળી હોવાનુ અને તે અભિષેક પ્રજાપતી નામના છોકરા સાથે ઇન્સ્ટાગ્રામ ઉપર મુલાકાત થયેલ હતી અને અમે અવાર નવાર ફોન ઉપર વાત કરતા હોય જેથી તેની પરીક્ષા પુર્ણ થતા તે તેના નાના નાનીના ઘરે આગ્રા આવેલ હતી ત્યાં અભિષેકને બોલાવી અમો લગ્ન કરવાના ઇરાદે તેના નાના નાની ઘરેથી નીકળી આવેલ હતી બાદ છોકરીને તેના વાલીવરસોના મો.નંબર વિશે પુછપરછ કરતા તેની પાસે નહી હોવાનુ જણાવતા તેના નાના આગ્રામાં ક્યા રહે છે જેથી તેઓએ તાજમહલ પાસે તેના નાનાની...

...રમકડાની દુકાન હોય જેથી તાજગંજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી સદર બાળકી વિશે માહીતી આપતા પોલીસે તેના મામાનો સંપર્ક કરાવતા તેના મામાએ જણાવેલ સદર છોકરી તેના પિતાના ઘરે થી જ નીકળી ગયેલ છે અને તેના પિતાનો મોનં ૯૫૮૯૨૦૦૨૫૯ આપતા તેઓ સાથે સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તેમની દિકરી તા ૨૪/૦૪/૨૦૨૩ ના રોજ સ્કુલ માં ફી ભરવા જવાનુ કહીને નીકળી ગયેલ છે જે બાબતે તેઓએ ઉત્તપ્રદેશના ફિરોજાબાદ પોલીસ સ્ટેશનમા ફસ્ટ ગુ.રનં ૩૦૦/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૬૩ મુજબ તા૨૪/૦૪/૨૩ માં ગુનો દાખલ કરાવવામાં આવેલ છે જેથી ફીરોજાબાદ પોલીસ સ્ટેશનનો ફોન આપતા તેઓને જાણ કરતા સદર બાળકીના પિતાતથા PSI શ્રી હિરદેશકુમાર તથા વુમન પોલીસ કોન્સ. શીતલકુમારી સીગ નાઓ સુરત ખાતે લેવા માટે આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા તેમજ સદર ગુનાની એફ.આઇ.આર.ની નકલ લઇ સદર ઇસમ તથા બાળકીનો કબજો પોલીસ તથા બાળકીના વાલીવરસોને રૂબરુમા સોપવામાં આવેલ છે

**(૪) <u>સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૬/૨૦૨૩ તા.૨૮/૦૪/૨૦૨૩</u> :-**

તા-૨૮/૦૪/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીમા હાજર હતા તે વખતે એક બાળક એકલો બેસેલો જોવામા આવતા તેના વાલીવરસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે વેકેશન હોવાથી તે તેના મિત્રોસાથે ફરવા ગયેલ અને રાત્રીના મોડુ થતા તેના પિતા ગુસ્સો કરતા તેને લાગી આવતા સવારમાં તેના પિતા નમાઝ પઢવા ગયેલ તે વખતે તે ઘરે થી નીકળી ગયેલ હતો અને ટ્રેનમાં બેસી સુરત આવી ગયેલ છુ તેમ જણાવતો હોય જેથી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શદ્ધાબઆલમ સ/ઓ શેખ ઔરગંજેબ જાતે શેખ ઉ. વ. ૧૪ ધંધો અભ્યાસ રહે ગાવ ગાવ શુકલાહીમ બજાર થાના મહેરાઠા જી ભેતીયા રાજ્ય બિહાર વાળો હોવાનુ જણાવતા તેના વાલીવારસોના મો.નં. મેળવી તેના પિતાના મો નં ૭૭૬૫૦૧૬૯૫૪ ઉપર સંપર્ક કરતા એઓએ જણાવેલ કે તેને હુ ભણવા બાબતે ગુસ્સો કરતા તે નીકળી આવેલ છે જેથી તેના નજીક ના પોલીસ સ્ટેશનમાં તેનો દિકરો ગુમ થયા અંગેની જાણ કરેલ હતી અને તેઓના જમાઇ સુરત રહેતા હોઇ જેથી તેઓને મોકલી આપુ છુ તેમ જણાવતા સદર બાળકના જીજાજી નામે નિયાઝ અહમદ સ/ઓ મોહમદ સીરાજમીયા જાતે મીયા ઉ. વ .૨૭ ધંધો સીલાઇકામ રહે કાપોદ્રા જી.આઇ.ડી.સી વરાછા સુરત વાળા અવતા સદર બાળકના પિતા સાથે વીડીયો કોલીંગમા વાત કરતા તેઓએ જણાવેલ કે તેઓના દિકરાને તેઓના જમાઇને આપી દો એક બે દીવસમાં તેઓ વતનમાં આવવાના છે તેમ જણાવેલ જેથી સદર બાળકનો કબ્જો તેના જીજાજી નામે નિયાઝ અહેમદ નાઓના તથા બાળકના માતાપિતા યોગ્ય આધાર પુરાવા મેળવી કબ્જો રૂબરૂમા સોપવામાં આવેલ.

)૫( <u>વડોદરા રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૦૮૨ ૩૦૧૬૧/૨૩ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી-ii) સી મુજબ તા. ૨૮/૦૪/૨૦૨૩</u> :-

વડોદરા રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૦૮૨ ૩૦૧૬૧/૨૩ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી-ii( (સી) મુજબનો ગુનો તા.૨૮/૦૪/૨૩ ના કલાકઃ ૧૦/૫૭ વાગે કાશીપુરા રે.સ્ટે. પસાર થયા બાદ ટ્રેન નં. ૧૨૭૫૫ કાકીનાડા-ભાવનગર એકસ. ટ્રેનના આગળના જનરલ કોચ તથા રીઝર્વેશન કોચ નં. એસ/૧ ના કોરીડોર વચ્ચેથી રનીંગ ટ્રેનમા બનવા પામેલ છે આ કામે કોઇ અજાણ્યા ઇસમોએ પોતાના આર્થિક લાભ માટે પરપ્રાંતમાંથી ગે.કા. રીતે ૨૧.૯૦૦ કીલોગ્રામ ગાંજો કિં.રૂા. ૨,૧૯,૦૦૦/-, બે બેકપેકોની કિં.રૂા. ૪૦૦/-, પેકીંગ મટીરીયલ કિં.રૂા. ૦૦/૦૦ મળી કુલ કિં. રૂા. ૨,૧૯,૪૦૦/- નો ગાંજાનો જથ્થો રેલ્વે ટ્રેન મારફતે આયાત કરી લઇ જતા પોલીસમા પકડાઇ જવાના ડરે બિનવારસી હાલતમા છોડી નાસી જતા તા.૨૮/૦૪/૨૩ ના કલાકઃ ૧૮/૫૦ વાગે ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**“પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર ”**

Sd/-
**(એસ.ડી. ભટ્ટ)**
**રીડર પો.સબ ઇન્સ.**
**પોલીસ અધિક્ષકની કચેરી**

પશ્ચિમ  રેલ્વે, વડોદરા